# સિલિન્ડર નથી આપતા તે ઘરનું ઘર શું આપવાના છે : નરેન્દ્રભાઈ મોદી

તાજપુર તા.૬

બહુચરાજી પવિત્ર ભૂમિથી શરૂ થયેલ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા દાહોદ જિલ્લાના લીંબડી ગામેથી શુક્રવારના રાત્રે સાબરકાંઠા જિલ્લાના માલપુર, મેઘરજ, મોડાસા, ધનસુરા તેમજ વડગામ થઈ તલોદ શહેરમાં માર્કેટ યાર્ડના કંપાઉન્ડમાં ગામે ગામથી હાજર જનમેદનીને નરેન્દ્રભાઈ મોદીએ સંબોધી હતી. આ વેળાએ ગૃહમંત્રી પ્રફુલ્લભાઈ પટેલ, શિક્ષણમંત્રી રમણલાલ વોરા, મંત્રી કૌશિક પટેલ, શિક્ષણમંત્રી રાજયકક્ષાના જયસિંહજી ચૌહાણ તેમજ છત્તીસગઢથી ગુજરાતમાં ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે આવેલા કરૂણાબેન શુકલા, રાજયસભાના સભ્ય પુરૂષોત્તમ રૂપાલ, મહેસાણા ધારાસભ્ય નટુજી ઠાકોર તેમજ તલોદના અને પ્રાંતિજના ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ વેળાએ ખૂબ જ ભારે સંખ્યામાં હાજર જનમેદનીને મંચ ઉપરથી સંબોધતા નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે ઘરનું ઘર આપવાની વાતો કરનાર ઘરમાંથી બાટલા ઓછા કર્યા તે શું ઘરનું ઘર આપવાના છે. ગુજરાતમાં જો આજે કોગ્રેંસનું શાસન હોત તો દિલ્હી જેવી દશા ગુજરાતની થાત. તેમણે ઉમેર્યુ કે થપ્પડ ટીવીમાં વાગે છે અને ચક્કર કોગ્રેંસને આવે છે. ૨૦૦૭માં સોનિયા બહેનની શાંતિયાત્રા છોટા ઉદેપુરમાં ફરી હતી. પરિણામ શું આવ્યું ?છોટા ઉદેપુરની શીટ ગુમાવી તો ખરી પણ સાથે સાથે ઉમેદવારીની ડિપોઝીટ પણ ડુલ થઈ. રાજકોટમાં પણ આ દશા થાય તો નવાઈ નહીં. નવનિર્માણ થયું અને કોગ્રેંસને પછટાડ પડી. પાપના ભાગીદારોને ગુજરાતમાં પેશવા દેવાય નહીં. સાયકલ ચોરાય, બાઈક ચોરાય, સોનુ-ચાંદી ચોરાય પણ કોલસો ચોરાય તેવું આજે સુધી સાંભળ્યું ન હતું. પણ કોગ્રેંસના શાસનમાં કોલસો ચોરાઈ ગયો. જો ઘર આંગણે કોલસો પડ્યો હોય તો કોઈ ચોરે નહીં કે ભિખારી પણ લે નહીં, ત્યારે કોગ્રેંસે કોલસાની ચોરી કરી. હવે તો કોગ્રેંસે નામ બદલી ઓલ ઈન્ડિયા કોયલા કોગ્રેંસ નામ રાખવું જોઈએ. એમ મુખ્યમંત્રીએ સભામાં જણાવ્યું હતું. મનમોહનસિંહના આઠ વર્ષના શાસનમાં કોઈ સારા પાંચ કામો કર્યા હોય તો ભાઈઓ બતાવો. મોટા મોટા મ્હોલની ચિંતા મનમોહનસિંહ કરે છે, નાની દુકાનોવાળાની ચિંતા કરતા નથી. આજે કરીયાણાવાળા વેપારીઓની દુકાનો બંધ થવાની હાલતમાં છે. બેરોજગારી વધશે. લોકોના બે હાલ થશે. આમ જો મ્હોલ બને તો? નાની દુકાનો બંધ થવાના હાલ છે. મારવાનો સમય આવી જશે. દિલ્હીમાં લૂંટ ચાલે છે. ત્યારે દેશને બચાવવાનું કામ તમારા હાથમાં છે.

આ અગાઉ પુરૂષોતમ રૂપાલાએ કહ્યું હતું કે, દિલ્હી કોગ્રેંસના એક પ્રધાનના બે સંડાસ રીપેરીંગનું બીલ ૩૫ હજાર પડ્યું છે. કોગ્રેંસના એક પ્રધાને સ્ત્રીઓને દારૂ સાથે સરખાવતા હોવાનું જણાવ્યું હતું. આ કોગ્રેસંને ઓળખો કેન્દ્રના એક પ્રધાન ૭ પ્રધાન ૭ હજાર કરોડના ખર્ચને બદલી તેના બદલે ૭૦ હજાર કરોડ કરી દીધું છે. જે શરમજનક બાબત છે. ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદીએ ગુજરાતના વિકાસ માટે વાપર્યા નથી તેટલો કેન્દ્રના એક પ્રધાને એક વર્ષમાં ખોટો ખર્ચ કર્યો છે. આ જમાત હિંદુસ્તાનને ખાઈ જશે. સાવધાન રહેતો ત્યારબાદ કરૂણાબેન શુકલા, નટુજી ઠાકોર, જયસિંહ ચૌહાણ વિગેરેએ પ્રવચનો કર્યા હતા.

તલોદ પ્રાંતિજ ભાજપા સમિતિ દ્વારા ભાજપના આગેવાન કાર્યકરોએ નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત કર્યું હતું.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

નવરાત્રીના તહેવારના આડે હવે થોડા દિવસો બાકી રહ્યા છે ત્યારે ડીસા શહેરમાં અત્યારથી જ નવરાત્રીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શહેરના રેડીમેડ બજારમાં વિવિધ વેરાયટી વાળી ચણીયાચોળી અને ટ્રેડીશનલ ડ્રેસ બજારમાં મુકાઈ ગયા છે. જેની ખરીદી માટે લોકોની ભીડ પ્રતિદિન વધી રહી છે. બજારમાં જાતજાતની ઈલેક્ટ્રોનિક આઈટમોનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યુંછે. શહેરના વિવિધ વિસ્તારોમાં રાસગરબાની તૈયારીઓ પણ તડામાર રીતે ચાલી રહી છે અને ખેલૈયાઓ અત્યારથી જ ગરબાની રમઝટ બોલાવવા થનગની રહ્યા છે.

## પાટણ ખાતે ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને આદર્શ આચારસંહિતાના અમલની મીટીંગ યોજાઇ




પાટણ, તા. ૬

પાટણ જિલ્લામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા કરાતા ચૂંટણીલક્ષી ખર્ચનું ચુસ્ત અને બિનચુક મોનીટરીંગ કરવામાં આવશે અને વિધાનસભા ચૂંટણી માટેના ઉમેદવારો દ્વારા કરવામાં આવતું ચૂંટણીલક્ષી ખર્ચ મહત્તમ રૂ. ૧૬ લાખની નિયત મર્યાદા પુરતું સીમિત રાખવા માટે તકેદારી રખાશે. તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને ચૂંટણીલક્ષી ખર્ચના મોનીટરીંગના ચીફ કો.ઓર્ડીનેટરશ્રી રવિશંકરે પાટણ ખાતે યોજાયેલી ચૂંટણીલક્ષી ખર્ચના મોનીટરીંગ અને આદર્શ આચાર-સંહિતાના અમલીકરણના અધિકારીઓ-કર્મચારીઓની મીટીંગમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ચૂંટણીના -ચાર માટે યોજાતી -ત્યેક મીટીંગ, સભા અને રેલીનુ રેકોર્ડીંગ કરી ચૂંટણીલક્ષી ખર્ચનું તંતોતંત આકલન કરવામાં આવશે.

ચૂંટણીલક્ષી ખર્ચના મોનીટરીંગના નોડલ ઓફીસર અને નિવાસી અધિક કલેકટરશ્રી ધર્મેન્દ્ર શાહે પણ ઉપસ્થિત અધિકારીઓને ચૂંટણીલક્ષી ખર્ચના વીડિયો રેકોર્ડીંગ, વીડિયો વ્યુઈંગ, વિધાનસભા મતદાર વિભાગના આસીસ્ટન્ટ ઓવઝર્બરશ્રીઓની ભૂમિકા, હિસાબી ટીમ અને તેની કામગીરી વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતુ. આદર્શ આચારસંહિતાના અમલીકરણથી નોડલ ઓફીસર અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દિનેશ પટેલ પણ ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાના અમલની જોગવાઈઓ, તંત્ર દ્વારા રાખવામાં આવનાર તકેદારી, પગલાં વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ -સંગે ઉપસ્થિત રહેલા ચૂંટણી ખર્ચના નોડલ ઓફીસરશ્રી, અને જિલ્લા તિજોરી અધિકારીશ્રી હર્ષદભાઈ પરમારે પણ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં ચૂંટણીલક્ષી કામગીરી સાથે જોડાયેલ વીડિયો સર્વેલન્સ, વીડિયો વ્યુઈંગ, કાયદો અને વ્યવસ્થા, હિસાબ સમિતિ, ફ્લાઈંગ સ્કોર્ડ વગેરે કામગીરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પ્રદેશ ભાજપ કોર કમિટીની મળેલી બેઠકમાં ચૂંટણી વ્યૂહરચના ઘડાઈ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ભાજપ કોર કમિટીની આજે ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી મુદ્દાઓ સહીતની ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભાજપની કોર કમિટીની બેઠક મળી હતી. જેમાં ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ જેટલી, બલવીર પૂંજ, ઓમ. માથુર, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરુષોત્તમ રૂપાલા, પ્રદેશ મહામંત્રી દલસાણીયા, પૂર્વ ગૃહ રાજયમંત્રી અમીત શાહ, વીજય રૂપાણી સહિતના કેટલાક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને પરાસ્ત કરવા માટે કેવી ચૂંટણી વ્યુહરચના અપનાવવી, કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓ છતી કરવા માટે કેવા કેવા ચૂંટણી મુદ્દાઓ રાખવા તે અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને કેટલાક ચૂંટણી મુદ્દાઓને અલગ તારવીને તેની યાદી તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત આગામી વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમ્યાન કઈ પ્રકારની ચૂંટણી પ્રચાર સાહિત્ય તૈયાર કરવું તેમાં કેવા મુદ્દાઓ લેવા, રાજ્યને સ્પર્શતા પ્રશ્નો તેમજ કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને લઈને પ્રચાર સાહિત્ય તૈયાર કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. રાજયના તમામ વિધાનસભા મત વિસ્તાર દીઠ કેવા સંમેલનો રાખવા તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાના કેટલા સંમેલનો રાખવા સંમેલનોમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના પક્ષના કયા કયા નેતાઓને પ્રચાર માટેની જવાબદારી સોંપવી એ અંગેની પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત ભાજપ કોર કમિટીની આજે મળેલી બેઠક લંબાણપૂર્વક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચા વિચારણા કરીને ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હતી. અને આગામી ટૂંક સમયમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે સ્વામી વિવેકાનંદ વિકાસયાત્રાને સંબોધતા મુખ્યમંત્રી

તલોદ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટયાર્ડ ખાતે સ્વામી વિવેકાનંદ યાત્રા સાથે મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રજાને સંબોધન કર્યુ હતું. તેમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા એફ.ડી.આઈ.ને લઈને અત્યારે જે પગલા ભરવામાં આવ્યા છે તે ખરેખર નાના વેપારીઓને ખતમ કરી નાંખવાનું કારસ્તાન કરી રહી છે. તે ગુજરાતને અને અન્ય રાજ્યોને ખરેખર અન્યાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષની જ દિશા નક્કી નથી તે સમગ્ર ગુજરાતને કેવી દિશામાં ધકેલી મુકશે તે ખરેખર વિચારવા લાયક છે. સાથોસાથ કોંગ્રેસના કેન્દ્રીય મંત્રીઓ જેવા કે રમતગમત, ટેલીકોમ વિગેરે મંત્રીઓએ આચરેલા ભ્રષ્ટાચારો ઉપર ગણાજ પ્રહારો કર્યા હતા. તેમજ તેમણે કોંગ્રેસનું નામ પણ બદલવાનું જણાવ્યું હતું. તેમાં તેમણે કહ્યું હતુ કે ઓલ ઈન્ડિયા કોલસા કોંગ્રેસ નામ રાખવું તેમ જણાવ્યું હતુ.

તલોદ ખાતે યોજાયેલ જાહેર સભામાં નરેન્દ્રભાઈ મોદીએ ચૂંટણી પંચના નિયમોનું પાલન કરી દસ વાગ્યા પહેલા પોતાનું પ્રવચન પૂર્ણ કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે જે જગ્યાએથી ચૂંટણી પ્રચારની શરૂઆત કોંગ્રેસ કરે છે તે જગ્યાના કોંગ્રેસના ઉમેદવારની ડીપોઝીટ પણ જપ્ત થાય છે. આ પ્રસંગે માર્કેટયાર્ડના ચેરમેન ભરત પટેલ, બંસીલાલ મહેતા, અધ્યક્ષ કિરણભાઈ સિંઘાણી, ભાજપ શહેર પ્રમુખ ઉપેન્દ્રભાઈ મિસ્ત્રી, સરપંચ હિમાંશુ પટેલ, રાકેશ મહેતા સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પ્રાંતિજમાં વાઈરલ તાવના દર્દીઓમાં વધારો

પ્રાંતિજ, તા.૬

પ્રાંતિજ તાલુકામાં હાલ બેવડી ઋતના કારણે એકાએક વાઈરલ તાવના કેસોમાં નોંધપાત્ર વધારો થતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળતા આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા લોકમાંગણી ઉઠવા પામી છે. મળતી માહિતી અનુસાર હાલ જિલ્લામાં બેવડી ઋતના કારણે વાઈરલ તાવનો વાવડ ફેલાયો છે. જયાં જુઓ ત્યાં દવાખાનામાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ઋતુ પરિવર્તન થતા લોકો શરીરના દુખાવા, શરદી, ઉધરસ અને તાવ જેવી બિમારીમાં સપડાઈ રહ્યા છે અને ઘરે ઘરે માંદગીના ખાટલા થવા માંડયા છે ત્યારે હાલ વધારે ગરમીનું પ્રમાણ વધતા લોકો ઉનાળાનો અહેસાસ કરી રહ્યા છે.

આમ જ ગરમી પડશે તો આગામી દિવસોમાં પણ વાઈરલ તાવના દર્દીઓમાં વધારો થશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

## પાટનાકુવાના જયંતિભાઈ પટેલનું સમાજ દ્વારા સન્માન

ગાંધીનગર તા.૬

દહેગામ તાલુકાના સામેત્રી ગામે અર્બુદા ચૌધરી સમાજ વિકાસ મંડળ તલોદ, ૪૨ ગોળ આંજણા ચૌધરી પાટીદાર સમાજ તલોદ વિભાગના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. પાટનાકુવા જયંતિભાઈ મોતીભાઈ પટેલને યુવા પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ ચૌધરી સમાજ દ્વારા જાહેર સન્માન કરી સન્માનપત્ર આપવામાં આવેલ હતું.

## આજે માણસામાં ચામડીના રોગનો નિદાન-સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત આનંદી માંના વડલે ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ આજે તા. ૭મી ઓકટોબર ૨૦૧૨ના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

માણસામાં દર મહિનો યોજાતા ચામડીના રોગના નિદાન અને સારવાર કેમ્પમાં કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ બી. પટેલ માનદ સેવા આપે છે. આ સાડત્રીસમા કેમ્પમાં જરૂરીયાતવાળા વ્યકિતઓને તેમજ અગાઉના કેમ્પમાં ચામડીના રોગોની સારવાર લીધી હોય તેવા દર્દીઓને લાભ લેવા માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે ખાસ જણાવ્યું છે.

# ઊંઝામાં સગા ભાઈને જ મૃત્યુ પામેલો દર્શાવી કરોડોની જમીન પચાવી પાડી

### ઊંઝા પોલીસે ફરિયાદ નોંધવામાં ગલ્લાં-તલ્લાં કરતાં કરોડોની જમીન ગુમાવનાર વ્યક્તિએ જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરી

ઊંઝા, તા. ૬

ઊંઝા નજીકના ડાભી ગામના એક દેવીપૂજક જ્ઞાતિના શખ્સે સગા ભાઈની જમીન પચાવી પાડવા ખોટા દસ્તાવેજ ઉભા કરી હયાત વ્યક્તિને મૃત હોવાનું દર્શાવી ગામની સીમમાં આવેલ સર્વે નં. ૧૨૪૨ વાળી ખેતીની જમીન ખોટી રીતે પોતાના નામે દાખલ કરાવી માલિકી હક્ક કર્યો હોવા બાબતે અરજદારે ઊંઝા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપવા છતાં પોલીસ યોગ્ય તપાસ કરીને ગુનો નોંધતી ન હોઈ અરજદારે જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી તાકિદે ઘટતું કરવાની માગણી કરી છે.

ઊંઝા નજીકના ડાભી ગામે રહેતા અને ખેતમજૂરી કરીને ગુજરાત ચલાવતા દેવીપૂજક લક્ષ્મણભાઈ મંગાભાઈએ ગત તા. ૧-૮-૧૨ના રોજ રજી. પોસ્ટ. એડી. દ્વારા સગાભાઈ ઈશ્વરભાઈ મંગાભાઈ સહિત ૭ ઈસમો વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૨૦(બી), ૧૧૪, ૫૦૬(૨) મુજબ ઊંઝા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત ફરિયાદ મોકલાવી હતી. જેમાં જણાવાયુ હતુ કે આરોપી ઈશ્વરભાઈ મંગાભાઈ દેવીપૂજક રહે. ડાભીવાળાએ ખોટા દસ્તાવેજ ઉભા કરીને હયાત માણસને મરણ પામેલ દર્શાવી અમો ફરિયાદીએ ખરીદેલ ડાભી ગામની સીમમાં આવેલ સર્વે નં. ૧૨૪૨ વાળી ખેતીની જમીન પોતાના નામે દાખલ કરાવી દીધેલ છે. જે નોંધ નં. ૪૮૨૦થી દાખલ થયેલ છે.

સદર ફરિયાદ બાબતે ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ સચોટ અને નક્કર પુરાવા તપાસ કરનાર પોલીસ અમલદારને પુરો પાડેલ છે. આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી દેવીપૂજક છોટાભાઈ અજુભાઈને મરણ દર્શાવેલ તે વ્યક્તિને પણ તપાસ અધિકારી રૂબરૂ લાવી જવાબ લખાવેલ છે. તેમજ હયાત અંગેના પુરાવા આપેલ છે. આ ઉપરાંત ફરિયાદી અને સાહેદોના જવાબ પણ લખાવેલ છે.

જમીનને લગતા આ કેસમાં આરોપીઓ વિરૂદ્ધ ગંભીર પ્રકારનો ગુનો બનતો હોવાના સબળ અને સચોટ પુરાવા આપવા છતાં તપાસ અધિકારી કોઈ કાર્યવાહી કરતા નથી અને ઉલ્ટાનું અમો ફરિયાદી સાથે ઉદ્ધતભર્યુ વર્તન કરે છે. અને આરોપીઓને છાવરતા હોય તેમ તેઓની સાથે સારો વ્યવહાર કરીને ફરિયાદી તથા સગાસંબંધીઓને સમાધાન કરી લેવા દબાણ કરે છે. જેથી તપાસ અધિકારીની આરોપીઓ સાથે પુરેપુરી મીલીભગત હોવાની સંભાવના છે. તપાસ અધિકારીની કાર્યપદ્ધતિ, ઉંડાઉ જવાબ, ઉદ્ધતાઈભર્યા વર્તાવને લીધે આરોપીઓ બેફામ બની ગયા છે. જેથી ફરિયાદી તથા સગાવ્હાલાઓને જીવનું જોખમ તથા ખોટા કેસોમાં ફસાવી દેવાનો ભય ઉભો થયો હોઈ તાકિદે યોગ્ય કાર્યવાહી કરવા મહેસાણા જિલ્લા પોલીસવડાને અરજદારે લેખિત ફરિયાદ આપેલ છે. જમીનને લગતા આ પ્રકરણમાં કેટલાક ઈસમોએ પોતાનો બદ ઈરાદો પાર પાડવા ગુનાહિત કાવતરૂ રચી ખોટી રીતે જમીન પચાવી પાડવા ખોટા સોગંધનામા, પેઢીનામું તથા અન્ય દસ્તાવેજો બનાવી તેનો ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરીને એક બીજાની મદદથી અન્યની જમીન હડપ કરી હોવાના ગંભીર બનાવ સંદર્ભે ઊંઝા પોલીસ દ્વારા કાયદાકીય રીતે યોગ્ય તપાસ ન થતાં તેમજ ગંભીર પ્રકારનો ગુનો બનતો હોવા છતાં પોલીસ દફતરે ગુનો નોંધવામાં થતા વિલંબને લઈને ફરિયાદીએ જે લેખિત ફરિયાદ કરેલ છે તેની યોગ્ય તટસ્થ રીતે તપાસ ન થતાં ફરિયાદી સહિત અન્ય લોકોમાં તંત્રની કાર્યપદ્ધતિ સામે ઘેરા અસંતોષની લાગણી ફએલાઈ છે.

ઉપરોક્ત બાબતે ટૂંક સમયમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સમક્ષ લેખિત રજૂઆત થનાર હોવાનું જાણવા મળે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સકલુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચૂકડી જાહેર ખબર
રોજના ૧૦૦૦/- રૂ. કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ માત્ર એકવાર
રૂ. ૩૦૦નું રોકાણ કરી રોજના રૂ. ૫૦૦ થી ૧૦૦૦ સુધી કમાઓ
મો : ૯૦૩૩૨૩૨૧૬૩